પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૧ | ૨૧ ડિસેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### જસ્ટીસ યુ.ડી. સાલ્વી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચેરપ્રર્સન

જસ્ટિસ સ્વતંત્રકુમારની નિવૃત્તિ પછી સરકારે યુ.ડી. સાલ્વીને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના સરકારી ચેરપર્સન નિયુક્ત કર્યા છે. તેઓ નિવૃત્ત સુધી આ પદ પર રહેશે.

### યુપીમાં અધિકારીઓની સાગમટે બદલી

ઉત્તરપ્રદેશ સરકારે રાજ્યના ૩૩થી વધુ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ કર્યા છે. કેટલાય જિલ્લાના ડીએમને બદલવામાં આવ્યા છે.

### યુપી, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર વચ્ચે બસ સેવા

ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીર વચ્ચે આંતરરાજ્ય બસ સેવા સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવશે. યુપીના ત્રણ મુખ્ય શહેરો મથુરા, સહારનપુર, મુઝફ્ફરનગરથી વૈષ્ણોદેવી કટારા સુધી બસસેવા શરૂ થશે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવુક થયા


ભાજપ સંસદીય દળની બેઠકમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં પક્ષની જીતની ઉજવણી થઈ રહી હતી. ત્યારે પ્રધાનમંત્રી મોદી ભાવુક બની ગયા હતા અને તેમણે કહ્યુંહતું કે પક્ષના કાર્યકરોની મહેનતથી આ પરિણામ મેળવી શક્યા છીએ પરંતુ પક્ષના પાયા મજબૂત કરવા વધુ મહેનત કરવાની જરૂર છે.

# આવતીકાલે નવા મુખ્યમંત્રીની વરણી

**ગાંધીનગર ખાતે ૨૨મીએ વિધાનસભા પક્ષની બેઠકમાં કેન્દ્રિય નિરિક્ષકો તરીકે અરૂણ જેટલી અને સરોજ પાંડે ઉપસ્થિત રહેશે : વિજય રૂપાણી અને વજુભાઈ વાળામાંથી એકની પસંદગી થવાની શક્યતા : ૨૫મીએ બાજપાઈજીના જન્મદિને નવી સરકારની શપથવિધિ નિશ્ચિત**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામના પગલે નવા નેતાની વરણી માટે ભાજપની બેઠક ૨૨મીએ શુક્રવારે ગાંધીનગર ખાતે યોજાશે. આ બેઠકમાં કેન્દ્રિય નીરીક્ષક તરીકે નાણાંમંત્રી અરૂણ જેટલી અને પક્ષના વરિષ્ઠ અગ્રણી સરોજ પાંડે ઉપસ્થિત રહેશે. નવા નેતાની વરણી બાદ ભાજપનુ ઉચ્ચકક્ષાનુ પ્રતિનિધિમંડળ રાજ્યપાલ ઓ.પી. કોહલીને નવી સરકાર રચવા આમંત્રણ આપવા અનુરોધ કરશે. સાથોસાથ શપથવિધિના કાર્યક્રમને આખરી ઓપ અપાશે.





ગુજરાતમાં નવી સરકાર રચવાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચુક્યુ છે. મુખ્યમંત્રીપદના નામોમાં અલગ અલગ અટકળો ચાલે છે. કેન્દ્રિય મંત્રીઓ સર્વશ્રી પુરૂષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા, સ્મૃતિ ઈરાની ઉપરાંત કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાના નામો જોરશોરથી ચાલે છે. બુધવારે સાંજ સુધી વજુભાઈ વાળા સંદર્ભે સોશીયલ મીડિયા પર જોરશોરથી નામ ચલાવાયુ હતુ. મોડી સાંજે કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીએ મુખ્યમંત્રીપદના દાવેદાર હોવાનો ઈન્કાર કર્યો હતો. પુરૂષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયા રાજ્યસભાના સભ્ય હોવાથી હમણા સંખ્યા ઘટે નહી તેવો મત પ્રવર્તે છે. ત્યારે વજુભાઈ વાળા અને વિજયભાઈ રૂપાણી વચ્ચે જ પસંદગી થશે એમ મનાઈ રહ્યુ છે. કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડના અંતરંગ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને જ તક આપવાની હિમાયત થઈ રહી છે અને કદાચ આવતીકાલે તેમની જ નેતાપદે વરણી થાય તેવી પ્રબળ શક્યતાઓ છે. આ ઉપરાંત વહીવટીતંત્રએ પણ શપથવિધિ સમારોહ અંગે કવાયત હાથ ધરી છે. મુખ્ય સચિવના અધ્યક્ષતા હેઠળ સરદાર પટેલ સ્ટેડિયમ, રીવરફ્રન્ટ અને મહાત્મા મંદિરની મુલાકાત લઈ અલગ અલગ મુદ્દાઓની નોંધ તૈયાર કરી છે. નવા નેતાની વરણી બાદ ચર્ચા વિચારણાના અંતે શપથવિધિ સમારોહની આખરી જાહેરાત કરાશે.

## ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડના પત્રકાર ઈલિયાસીને આજીવન કારાવાસ

**પત્નિની હત્યા બદલ ઇલિયાસીને આજીવન કારાવાસની સજા કરાઈ**

**૧૭ વર્ષ જુના જઘન્ય હત્યાકાંડમાં ઇલિયાસીને અપરાધી જાહેર કરાયો હતો**



નવીદિલ્હી, તા. ૨૦

પોતાના સમયના ચર્ચાસ્પદ ક્રાઈમ શો ઈન્ડિયાસ મોસ્ટ વોન્ટેડના એન્કર સુહેબ ઈલિયાસીને પત્નિની હત્યાના દોષમાં આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. પત્રકાર ઈલિયાસીને દિલ્હીની કડકડડૂમા કોર્ટે આકરી સજા ફટકારી હતી. ઈલિયાસીના વકીલે ફાંસીની સજા ન ફટાકરવા માટેની અપીલ કરી હતી. ૧૬મી ડિસેમ્બરના દિવસે ઈલિયાસીને ૧૭ વર્ષ જુના આ જઘન્ય હત્યાકાંડ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ૧૧મી જાન્યુઆરી ૨૦૦૦ના દિવસે ઈલિયાસીના ઘરે પત્નિ અંજુની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. હત્યા કરવા માટે કાતરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૨૮મી માર્ચ ૨૦૦૦ના દિવસે પોલીસ દહેજ હત્યા કેસના સંદર્ભમાં ઈલિયાસીની ધરપકડ કરી હતી. પોલીસે તપાસમાં શોધી કાઢ્યું હતું કે, ઈલિયાસી અને પત્નિ અંજુ વચ્ચે વારંવાર લડાઈ ઝગડા થતાં હતા. બનાવ બાદ પોતાના ગુનાને છુપાવવા

● અનુસંધાન પાન-૫ પર

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી,તા. ૨૦

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશના કેટલાક ભાગોમાં તો પારો માઈનસમાં કફોડી બનેલી છે. લડાખ પ્રદેશમાં જનજીવન ખોરવાઈ ગયુ છે. કારગીલમાં માઈનસ ૧૫.૪ ડિગ્રી

**જનજીવન પર ઘેરી અસર : કારગિલમાં માઇનસ ૧૫.૪ અને લેહમાં માઇનસ ૧૩.૨ ડિગ્રી : ઉત્તર પ્રદેશમાં સ્કૂલોમાં ઠંડીના કારણે સમયમાં ફેરફાર કરવા માટેની ફરજ રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં તીવ્ર ઠંડી : ૧૫ ટ્રેનોને રદ કરી દેવાઈ**

જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. દેશના કેટલાક ભાગોમાં પારો ખુબ નીચે પહોંચી ગયો છે. લોકો છે. કેટલીક જગ્યાએ હિમવર્ષા પણ થઈ છે. જમ્મુકાશ્મીર અને હિમાચલપ્રદેશમાં સૌથી વધારે હાલત તાપમાન થયુ છે. આવી જ રીતે લેહમાં માઈનસ ૧૩.૨ ડિગ્રી તાપમાન થયુ છે.



## ૨૦૨૨માં અમદાવાદની બુલેટ ટ્રેન બે કલાકમાં મુંબઇ પહોંચશે



ગાંધીનગર

અમદાવાદ અને મુંબઇ વચ્ચે દોડનારી હાઈસ્પીડ રેલ્વે અંગે કેન્દ્રીય રેલ્વેમંત્રી રાજેન ગોહેલ કરે છે કે આ પ્રોજેક્ટ ૨૦૨૨ના અંતે પૂર્ણ કરી દેવામાં આવશે. તેમણે આ માહિતી લોકસભામાં આપી હતી.

પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે સાબરમતી અને મુંબઈ (૫૦૮ કિ.મી.) વચ્ચેની આ બુલેટ ટ્રેનના પાટા જમીનના સ્તંભો પર આધારીત હશે. જેમાં ૧૨ સ્ટેશન હશે. વધુમાં વધુ ઝડપ ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે, જ્યારે સંચાલન ગતિ ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે.

એક ઝડપી ટ્રેન માટે મુંબઈ થી સાબરમતી વચ્ચે યાત્રા સમય ૨.૦૭ કલાક હશે. રસ્તમાં આનારા દરેક સ્ટેશનો પર રોકાનારી ટ્રેન માટે આ સમયગાળો ૨.૫૮ કલાક હશે. આ યોજનાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

પરિયોજનાનો અંદાજિત ખર્ચ – ૧,૦૮,૦૦૦૦ કરોડ રૂપિયા. કુલ પ્રોજેક્ટ ખર્ચનો ૮૧ ટકા હિસ્સો જાપાન સરકાર દ્વારા લોન તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. આ લોન ૦.૧ ટકા વ્યાજ દર સાથે ૧૫ વર્ષની ગ્રેસ પીરિયડ સાથે ૫૦ વર્ષમાં ચૂકવવાપાત્ર છે.

૨૦૨૨-૨૩માં આ પરિયોજનાને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. દિલ્હી – ચેન્નઈ સહિત કેટલાક રેલ માર્ગો માટે સંભાવન – રિપોર્ટ તૈયાર કરવાને મંજૂરી આપી દેવામાં આવી છે.

આ પ્રેસ વિજ્ઞપ્તિ રેલ રાજ્યમંત્રી શ્રી રાજેન ગોહેન દ્વારા લોકસભામાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં અપાયેલ જાણકારી પર આધારિત છે. (૨૦-૧૨-૨૦૧૭, બુધવાર)

# વડાપ્રધાન માફી નહીં માગે : નાયડુ

**કોંગ્રેસે મોદીએ કરેલા મનમોહન પરના નિવેદન મુદ્દે સરકારને આડે હાથ લીધી : સંસદમાં વિપક્ષનું હલ્લાબોલ : મોદી માફી માંગે અથવા સ્વીકારે કે ગુજરાતની ચૂંટણી જીતવા ખોટા આક્ષેપ કર્યા : કોંગ્રેસ**

ન્યુ દિલ્હી,તા.૨૦

સંસદના બંને ગૃહમાં બુધવારના રોજ જોરદાર હોબાળો થયો તેના લીધે રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરી દેવાઈ. બુધવારના રોજ ચાલી રહેલા ગતિરોધની વચ્ચે નાણાંમંત્રી અરૂણ જેટલીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની મુલાકાત કરી સુલેહની પણ કોશિષ કરી હતી. તેની કંઈ ખાસ અસર જોવા મળી નહીં અને કોંગ્રેસ તેમજ વિપક્ષી પાર્ટીના સભ્ય કાર્યવાહીમાં અડચણ ઉભી કરી સતત સૂત્રોચ્ચાર કરતાં રહ્યાં. આ બધાની વચ્ચે રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુએ કહી દીધું કે પીએમ મોદીને માફી માંગવાની જરૂર જ નથી, કારણ કે તેઓ તે ગૃહમાં બોલ્યા નથી.

રાજ્યસભા અને લોકસભામાં કોંગ્રેસ સાંસદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માફી માંગવાની માંગ પર અડી રહ્યાં છે. પીએમ મોદીના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પર ગુજરાત ચૂંટણી દરમ્યાન આપવામાં આવેલા નિવેદન વિરૂદ્ધ કોંગ્રેસના સભ્યો પ્રદર્શન કરી રહ્યાં છે. બુધવારની સવારે સંસદની કાર્યવાહી શરૂ થવાની સાથે જ કોંગ્રેસ નેતા 'પીએમ માફી માંગે', 'સરકારની તાનાશાહી ચાલશે નહીં'ના સૂત્રોચ્ચાર કરતાં વેલ સુધી ધસી ગયા હતા.

કોંગ્રેસ સાંસદે મોદીની માફીની માગ કરતાં સૂત્રોચ્ચારો કર્યા હતા. રાજ્યસભાના ચેરમેન વેંકૈયા નાયડૂએ કહ્યું કે, "મોદીએ ગૃહમાં નિવેદન નથી આપ્યું એટલે તેમની

● અનુસંધાન પાન-૫ પર



## બિહારના રેલવે સ્ટેશન પર નકસલી હુમલો આસિસ્ટન્ટ સ્ટેશન માસ્તરનું અપહરણ

મુંગેર, ૨૦

બિહારના મુંગેર જિલ્લામાં આવેલા મસુદન રેલવે સ્ટેશન પર મંગળવારે મોડી રાતે નક્સલી હુમલો કુમારે જણાવ્યું કે, માલાદા ડિવિઝનના મસુદન રેલવે સ્ટેશન પર નકસલી હુમલા બાદ તમામ ટ્રેનો કિયુલ પોઈન્ટ પર અટકાવી દેવામાં મસુદન રેલવે સ્ટેશન પર આસિસ્ટન્ટ સ્ટેશન માસ્તર તરીકે ફરજ પર હતા.



થયો હતો. નક્સીલી દ્વારા રેલવે સ્ટેશન પર આગ લગાવવામાં આવી હતી. આ ઉપરાંત આસિસ્ટન્ટ સ્ટેશન માસ્ટર સહિત કુલીનું અપહરણ પણ કરવામાં આવ્યું છે. એએસએમે ડીઆરએમને ફોન કરીને જણાવ્યું કે, ટ્રેન ચલાવવા પર નકસલીઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી છે. અપહરણ કરવા માટે નકસલીઓ દ્વારા સિગ્નલિંગ પેનલ પણ ફૂંકી મારવામાં આવી હતી.

ઈસ્ટર્ન રેલવેના ઝોઁઈ રાજેશ આવી છે. તમામ યાત્રીઓને સલામતી ખાતર બીજા વિકલ્પોથી ટ્રાવેલ કરવા વિનંતી છે. મુંગેરના રેલ એસપી શંકર ઝાના જણાવ્યા પ્રમાણે હુમલાની ખબર મળતાં જ રેલ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા અને અપહરણ કરવામાં આવેલા અધિકારીઓને છોડાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

અપહરણ કરવામાં આવેલા અધિકારીઓનું નામ મુકેશ કુમાર હોવાનું જાણવા મળ્યું છે. તેઓ

## ઐય્યર-સિબ્બલના નિવેદનોથી ગુજરાત ચૂંટણીમાં કોંગ્રેસને નુકસાન : મોઈલી

હૈદરાબાદ,તા.૨૦

કોંગ્રેસના સિનિયર લીડર એમ. વીરપ્પા મોઈલીએ કહ્યું કે ગુજરાત ચૂંટણી દરમિયાન મણિશંકર ઐયર અને કપિલ સિબ્બલના વિવાદાસ્પદ નિવેદનોને કારણે રાહુલ ગાંધીના પ્રયત્નોને ધક્કો પહોંચ્યો. કોંગ્રેસ એ હાંસલ ન કરી શકી જેની એ હકદાર હતી. ઉલ્લેખનીય છે કે, ઐય્યરે નરેન્દ્ર મોદીને નીચ વ્યક્તિ ગણાવ્યા હતા, જ્યારે સિબ્બલે કહ્યું હતું કે અયોધ્યા મામલાની સુનાવણી ૨૦૧૯ પછી થવી જોઈએ, તેનાથી ચૂંટણી પર અસર પડી શકે છે.

મોઈલીએ કહ્યું કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રાહુલ વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદીનો વિકલ્પ હોઈ શકે છે. મોઈલીએ એવો પણ આરોપ લગાવ્યો કે મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ગુજરાતના લોકોને ઈમોશનલી બ્લેકમેલ કરવાનો પ્રયત્ન કર્યો. રાજકીય પક્ષોએ હુમલાબાજી કરીને ચૂંટણી જીતવાના પ્રયત્નો ન કરવા જોઈએ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જોઈએ છે
ગાંધીનગરથી નજીક પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે
ફીજીયોથેરાપી ડોક્ટર (બી.પી.ટી.)
અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો.
- સેક્રેટરીશ્રી -
શેઠ એન.એન. સાર્વજનિક હોસ્પિટલ
રાંધેજા, તા. જી. ગાંધીનગર

જાહેર આભાર



૩૩-પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના પ્રાંતિજ - તલોદ તાલુકા ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો, સમર્થકો, ટેકેદારો અને મારા વ્હાલા સૌ યુવા મિત્રો, સૌ માતાઓ, બહેનો, પ્રજાજનોએ યુવા નેતા તરીકે પસંદ કરી જાતિવાદ અને વંશવાદથી દૂર રહી સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને સાર્થક કરી મારા ઉપર વિશ્વાસ મૂકી વિકાસશીલ ભાજપ સરકારને સત્તારૂઢ કરતા નામી - અનામી સમર્થકોના સહિયારા સહકારથી મને જંગી મતોથી વિજયી બનાવવા બદલ આપ સૌનો જાહેર આભાર માનું છું. હું સદાય પ્રાંતિજ - તલોદ તાલુકાના સર્વાંગી વિકાસને આગળ ધપાવવા સતત કટિબદ્ધ અને પ્રયત્નશીલ રહીશ. હું સદાયે આપ સૌ પ્રજાજનોનો ઋણી રહીશ.

લી.
ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર
ધારાસભ્ય - પ્રાંતિજ-તલોદ વિધાનસભા વિસ્તાર (સાબરકાંઠા)